ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ, ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૧/૨૦-૨૧/ 1079 તારીખ : 25 MAR 2021

**આર.પી.એ.ડી.**

કેસ નં.૯૧/૨૦-૨૧

પ્રતિ,
**શ્રી ગોવિંદભાઈ શંકરભાઈ ચાવડા**
**તથા અન્ય ૩૭**
**મું.વિસાવડા,**
**તા.દસાડા,**
**જી.સુરેન્દ્રનગર.**

**મો.નં.૯૪૨૭૦ ૪૬૬૧૮.**

**વિષય : સ્કાય યોજના હેઠળ સોલાર કનેકશન ન મળવા બાબત.**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર તા.૦૪/૦૨/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૦૯/૦૨/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૨૦-૨૧/૫૪૬ તા.૧૦/૦૨/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૦/૨૦-૨૧/૭૯૭ તા.૦૪/૦૩/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૭/૦૩/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **દસાડા.**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૯૧/૨૦–૨૧</u> ☜

વાદી :– **શ્રી ગોવિંદભાઈ શંકરભાઈ ચાવડા**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૧૭/૦૩/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **શ્રી ગોવિંદભાઈ શંકરભાઈ ચાવડા (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી જી.સી.વડગાસીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ગોવિંદભાઈ શંકરભાઈ ચાવડા, મું.વિસાવડા, તા.દસાડા, જી.સુરેન્દ્રનગર ની સ્કાય યોજના હેઠળ સોલાર કનેકશન ન મળવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૧/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૧/૨૦–૨૧/૫૪૬ તા.૧૦/૦૨/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા. ૧૭/૦૩/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી ગોવિંદભાઈ શંકરભાઈ ચાવડા પોતે હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જી.સી.વડગાસીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

જયભારત સહ ઉપરોકત વિષય અનુસંધાને જણાવવાનું કે, ગુજરાત સરકાર તથા પીજીવીસીએલ દ્વારા ગુજરાત સરકારશ્રી ની સુર્યશકિત કીશાન યોજના ની જાહેરાત કરવામાં આવેલ અને જાહેર પ્રસાર માધ્યમોમાં બહોળી પ્રસિધ્ધી અને પ્રચાર પણ કરવામાં આવેલ અને અમો ખેડૂતોને મહાત્મા ગાંધી મંદિર તથા અન્ય ઘણા સરકારશ્રી દ્વારા સદર યોજનાની માહિતી સમજાવવા માટે મીટીગ અને મેળાવડા કરેલ તેમાં સરકારશ્રી તથા પીજીવીસીએલ દ્વારા જણાવ્યા અનુસાર ખેડૂતોએ સદર યોજનામાં જોડાવા માટે ભરવાની થતી રકમ પીજીવીસીએલ દ્વારા અમો કુલ–૩૮ ખેડૂતોએ કુલ લગભગ રૂા.૪૯,૦૦,૦૦૦/– જેટલી રકમ જુન–૨૦૧૯ માં ભરપાઈ કરેલ છે. તેમ છતાં, આજદિન સુધી અમોને સદર સુર્યશકિત કિશાન યોજના મુજબ અમારા વિજજોડાણ ઉપર સોલાર સીસ્ટમ લગાડવામાં આવેલ નથી અને વારંવાર ખાલી વાયદા જ

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

આપવામાં આવેલ છે. તો સરકાર શ્રી તથા પીજીવીસીએલ દ્વારા જાહેર કરેલ યોજનામાં આવી રીતે સામાન્ય ખેડૂતની આવડી મોટી રકમ ઉઘરાવી હજુ સુધી જે માટે રકમ ઉઘરાવેલ છે તે સીસ્ટમ બે વર્ષ જેટલો સમયગાળો થવા જાય છે તેમ છતાં, ખેડૂતો ના પૈસા ઉઘરાવી પીજીવીસીએલ દ્વારા છેતરપીડી કરવામાં આવેલ છે. જેથી, તાત્કાલીક અમોને તમામ ખેડૂતોને સોલાર સીસ્ટમ લગાવી આપવા યોગ્ય કરશો. અન્યથા ન્યાય મેળવવા માટે ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન તથા કાનૂની રાહે આગળના પગલા ભરવાની ફરજ પડશે.

સહકારની અપેક્ષા સહ,

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

ઉપરોકત વિષય ના અનુસંધાને આપશ્રી ને જણાવવાનું કે, આપના દ્વારા સ્કાય સ્કીમ હેઠળ સોલાર સીસ્ટમની ૫% રકમ ભરી ખેતીવાડી વિસાવડી ફીડરમાં સોલાર સીસ્ટમ લગાવવા માટે અરજી કરવામાં આવેલ હતી. તેમ છતાં, આ યોજના નો લાભ ના મળવા અંગેની રજૂઆત ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ. જેના અનુસંધાને આપશ્રી ને જણાવવાનું કે, ધ્રાંગધ્રા વિભાગીય કચેરી હેઠળ કાર્યરત દસાડા પેટા વિભાગીય કચેરી ખાતે આપના તથા અન્ય ૩૭ ગ્રાહકો દ્વારા સ્કાય સ્કીમ હેઠળ સોલાર સીસ્ટમની ૫% રકમ ભરી વિસાવડી ખેતીવાડી ફીડરમાં સોલાર સીસ્ટમ લગાવવા માટે અરજી કરવામાં આવેલ હતી. જેના અનુસંધાને એબેલોન કલીન એનર્જી લીમીટેડ દ્વારા ડી.પી.આર.તૈયાર કરવામાં આવેલ. સદર પ્રપોઝલ ધ્રાંગધ્રા વિભાગીય કચેરીમાંથી પત્ર નં–ડીએચજી/ટેક–૧/સ્કાય/ ૪૨૦૭ તા.૨૯/૭/૨૦૧૯ થી સુરેન્દ્રનગર વર્તુળ કચેરી ખાતે મોકલવામાં આવેલ હતી. જેના અનુસંધાને સુરેન્દ્રનગર વર્તુળ કચેરી દ્વારા પત્ર દ્વારા મંજૂરી માટે નિગમીત કચેરી, રાજકોટ ખાતે મોકલવામાં આવેલ હતી. પરંતુ, નિગમીત કચેરી, રાજકોટ દ્વારા નવા કનેકશનમાં તથા લોડ વધારો વધુ હોવાને કારણે પત્ર નં–PGVCL/DSM/SKY/11453 dtd.06.11.2019 થી ડી.પી.આર.(પ્રપોઝલ) ના મંજૂર કરવામાં આવેલ છે તથા ગ્રાહકો દ્વારા ભરવામાં આવેલ ૫ % રકમ રીફંડ કરવાની સૂચના આપવામાં આવેલ.

આમ, વિસાવડી ફીડર માં આવેલ ગ્રાહકો દ્વારા સ્કાય સ્કીમ હેઠળ સોલાર સીસ્ટમ લગાવવાની મંજૂરી નિગમીત કચેરી, રાજકોટ દ્વારા ન મળતા સદર ફીડરમાં સોલાર સીસ્ટમ લગાવવામાં આવેલ નથી તથા તમામ ગ્રાહકોને તેમના દ્વારા ભરવામાં આવેલ ૫% રકમ ચેક દ્વારા રીફંડ કરવામાં આવેલ.

જે આપશ્રી ની જાણ સારૂં.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**<u>ફોરમનું તારણ</u> :— વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી અરજદાર શ્રી ચાવડા ગોવિંદભાઈ શંકરભાઈ તથા બીજા ૩૭ ખેતીવાડી વિજ ગ્રાહકોનું પ્રતિવાદી દ્વારા વીસાવડી ફીડરમાંથી વિજ પુરવઠો આપવામાં આવે છે.

૩.૨ વાદી અરજદાર તેમજ બીજા ૩૭ વિજ ગ્રાહકો એ સરકારની સૂર્ય કિશાન યોજના (Sky) હેઠળ સોલાર કનેકશન મેળવવા માટે પ્રતિવાદી ની કચેરીમાં અરજી નોંધણી કરાવી અને એસ્ટીમેટ ના ૫% રકમ સરકારશ્રી ની પોલીસી મુજબ ભરપાઈ કરેલ.

૩.૩ પ્રતિવાદીએ સ્કાય યોજના હેઠળ તેની કોર્પોરેટ ઓફીસ ને ડી.પી.આર.મોકલેલ. કોર્પોરેટ કચેરી, રાજકોટ દ્વારા તેમના પત્ર નં–૧૧૪૫૩ તા.૬/૧૧/૨૦૧૯ થી ડી.પી.આર.મંજૂર કરેલ નહી અને મંજૂર ન કરવા માટેનું કારણ બતાવેલ છે. કે "નવા કનેકશનમાં તથા લોડ વધારો વધુ હોવાને કારણે ડી.પી.આર.(પ્રપોઝલ) ના મંજૂર કરવામાં આવેલ છે તથા ગ્રાહકો દ્વારા ભરવામાં આવેલ ૫ % રકમ રીફંડ કરવાની સૂચના આપવામાં આવેલ."

૩.૪ સ્કાય યોજના સરકારશ્રી ની પોલીસી મુજબ તેમજ જીયુવીએનએલના પરિપત્રો મુજબ તેનું અમલીકરણ કરવામાં આવે છે. તેમજ Sky યોજના માટેનું અમલીકરણ બજેટ ની જોગવાઈ મુજબ કરવામાં આવે છે તેવી પ્રતિવાદીએ આજરોજ ફોરમને જણાવેલ છે.

૩.૫ ઉપરોકત બાબતોને ધ્યાનમાં રાખી ફોરમે કશો હુકમ કરવાનો રહેતો નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

## –:: હુકમ ::–

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૫ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ.આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :– ૧૭/૦૩/૨૦૨૧.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.